# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-09-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સૈનિક શહિદોની પત્નીઓને મિલ્કત વેરામાંથી મુક્તિ:

સૈનિકો તેમજ શહીદોની વિધવાઓએ મિલકત વેરો ભરવાનો રહેશે નહીં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણય અનુસાર ગામડામાં ઘર ધરાવતા જવાનોને 'મિલકત વેરા'માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. રાજ્ય સરકારે 'ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો કર અને ફી નિયમો, 1964'માં સુધારો કરીને ફરજ બજાવતા સંરક્ષણ દળોના વર્તમાન જવાનો, તેમના જીવનસાથી, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદ જવાનોની વિધવાઓના પોતાના રહેણાંક મકાનને 'પંચાયત કર'માંથી મુક્તિ આપવાની જોગવાઈ કરી છે. જેનાથી ફરજ બજાવતા સૈનિકો, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદોની વિધવાઓને આર્થિક રાહત મળશે.

---------------------------------------------------------------------------------------------------

## ગણેશ ઉત્સવ અંર્તગત જાહેરનામું :

કચ્છ જિલ્લામાં આગામી તા. ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાનાર ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જળાશયો અને પર્યાવરણનું પ્રદૂષણ અટકાવવા ઉત્સવ દરમિયાન પ્લાસ્ટર ઓફ પેરિસ, પ્લાસ્ટિક, થર્મોકોલ અને ઝેરી રાસાયણિક રંગોવાળી મૂર્તિઓ બનાવવા તથા વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા વિસર્જન સરઘસ માત્ર મંજૂરી મેળવેલા નક્કી કરેલા રૂટ પર જ કાઢવાના રહેશે. મૂર્તિઓ રોડ પર જાહેરમાં કે ટ્રાફિકને અડચણરૂપ બને તે રીતે ખુલ્લી રાખવા પર રોક છે. જળાશયોના કિનારે મૂર્તિઓ રાખવા કે સીધી પાણીમાં પધરાવવા પર

**પ્રતિબંધ છે; શક્ય હોય ત્યાં સુધી નાની મૂર્તિઓનું ઘરે જ ઈકો-ફ્રેન્ડલી રીતે વિસર્જન કરવું. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરાશે.**

**---------------------------------------------------------------------------------------------------**

## પશ્ચિમ રેલવે અમદાવાદ:

**પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને માલ પરિવહનમાં નવો રેકોર્ડ બનાવતા માત્ર ચાર જ દિવસમાં પોતાના જ પુરા રેકોર્ડને તોડીને એક જ દિવસમાં 91 રેક અને 3,847 વેગનનું ઓલ-ટાઈમ હાઈ લોડિંગ કર્યું છે. 9 સપ્ટેમ્બરના રોજ નોંધાયેલી આ સિદ્ધિમાં ગાંધીધામ એરિયાનો ફાળો સૌથી મોટો રહ્યો હતો, જ્યાંથી એક જ દિવસમાં 72 રેકનું લોડિંગ કરાયું હતું.**

**આ રેકોર્ડ લોડિંગમાં 28 જમ્બો રેક, 47 કન્ટેનર રેક 19 ખાતરની રેક અને 8 મીઠાની રેક સફળતાપૂર્વક લોડ કરવામાં આવી હતી. કચ્છના મહાબંદરોના કારણે માલ પરિવહનમાં પશ્ચિમ રેલવેમાં અગ્રેસર રહેલા અમદાવાદ ડિવીઝનની સિદ્ધિ બદલ ડી.આર.એમ. વેદ પ્રકાશે અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.**

**---------------------------------------------------------------------------------------------------**

## હવામાન:

**બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના હળવાં દબાણ, સાયક્લોનિક સર્ક્યુલેશન સહિતની સિસ્ટમના કારણે પ્રભાવથી હવામાન વિભાગે કચ્છ સહિત રાજ્યમાં વરસાદી માહોલની આગાહી કરી છે. કચ્છમાં આવતીકાલે અને રવિવારે બે દિવસ ગાજવીજ સાથે વરસાદ પડે તેવી સંભાવના છે. વરસાદની આગાહી વચ્ચે હાલ વાતાવરણમાં ઉકળાટનો અનુભવ કચ્છના મોટાભાગના વિસ્તારમાં થઇ રહ્યો છે. ભુજ, અંજાર, ગાંધીધામ શહેરમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રીને આસપાસ રહ્યું હતું. કચ્છમાં નબળા ચોમાસાના કારણે અછતનું સંકટ તોળાઇ રહ્યું છે, તેવામાં પાછોતરા વરસાદની આગાહીએ નવી આશાનો સંચાર કર્યો છે.**

**---------------------------------------------------------------------------------------------------**

## ભુજની શાળામાં એ.આઈ. અંગે વર્કશોપ:

ભુજની પી.એમ. શ્રી પાટવાડી નાકા શાળા નં. ૧ ખાતે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા "કૃત્રિમ બુદ્ધિમત્તા એઆઇની શૈક્ષણિક ઉપયોગિતા અને સાવચેતી" વિષય પર વર્કશોપ યોજાયો હતો. આચાર્ય રાજેશભાઈ ગોરના સ્વાગત બાદ મુખ્ય વક્તા અને ટેકનોક્રેટ જીગર જોબનપુત્રાએ વિદ્યાર્થીઓને AI નો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે ડિજિટલ ટ્યુટર, પ્રશ્ન બેંક નિર્માણ અને ભાષા શુદ્ધિ જેવા ઉપયોગો સમજાવવા સાથે આંધળું અનુકરણ ટાળવા, માહિતીની ચોકસાઈ ચકાસવા અને ડેટા પ્રાઇવસી જાળવવા ખાસ તાકીદ કરી હતી.

---

## કોડકી PHC દ્વારા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ:

કોડકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર, સુમરાસર-જત દ્વારા વટાછડ અને સુમરાસર-જત ખાતે આયુષ્માન કાર્ડ બનાવવા માટે વિશેષ રાત્રિ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં NFSA લાભાર્થીઓને અગ્રતા આપી દસ્તાવેજ ચકાસણી, આધાર ચકાસણી, ઈ-કેવાયસી અને ફોટોગ્રાફી કરી કુલ 103 આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતા.

દિવસભર કામમાં વ્યસ્ત રહેતા શ્રમિકો અને પાત્ર લાભાર્થીઓને રાત્રે આ સુવિધા મળવાથી વધુમાં વધુ પરિવારોને આરોગ્ય સુરક્ષા હેઠળ આવરી લેવાના હેતુને સફળતા મળી હતી.

---

## અબડાસામાં પર્યુષણની ઉજવણી:

અબડાસામાં જૈન સમાજ દ્વારા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ડુમરાથી અમારા સમાચાર મિત્ર જયેશ ગોસ્વામી જણાવે છે કે આજે ભાદરવા સુદ એકમના રોજ પોથીયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. તથા શ્રાવણ માસના અંતિમ

**દિવસ અમાસ નિમિત્તે શિવાલયોમાં ભક્તો ઊમટી પડ્યા હતા, જ્યાં પૂજન, હવન તેમજ રાત્રે ચાર પ્રહરની પૂજા કરવામાં આવશે.**

**------------------------------------------------------------------------------------------------**

## અબડાસામાં  હિંસક પ્રાણીનો હુમલો :

**અબડાસાના બોહા સીમ વિસ્તારમાં ચરાવવા ગયેલા ગાયોના ટોળા પર દીપડા જેવા હિંસક પ્રાણીએ હુમલો કરી એક ગાયને મોતને ઘાટ ઉતારી છે. આ ઘટનાથી માલધારીઓ અને ખેડૂતોમાં ભારે ભયનો માહોલ છવાયો છે. સીમમાં અવારનવાર હિંસક પ્રાણીની હાજરી રહેતી હોવાથી રાત્રે ખેતરોમાં પાણી વાળતા ખેડૂતો માટે પણ જોખમ વધ્યું છે. કોઈ મોટી જાનહાનિ ન સર્જાય તે માટે ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક પાંજરું મૂકી હિંસક પ્રાણીને ઝડપી પાડવા ઉગ્ર માંગ કરી છે.**

**------------------------------------------------------------------------------------------------**